

હિમતનગર રેલ્વે સ્ટેશન પર મંગળવારે બે કલાક મોડી અસારવા થી હિમતનગર ડેમુ ટ્રેન આવી પહોચી હતી જે ડેમુ ટ્રેન અડધો કલાક રોકાઈ હતી જે ૧૨ ડબ્બા ની ટ્રેનને હિમતનગર થી અસારવા જવા માટે સાસંદ દીપસિંહ રાઠોડે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.પ્રથમ ડેમુ ટ્રેન ની ચાર ટીકીટ સાંસદ દીપસિંહ રાઠોડે લીધી હતી તો આજની આવક હિમતનગર રેલ્વે સ્ટેશને ૧૨૪૦ રૂપિયા થઈ હતી જયારે અસારવા થી હિમતનગર ડેમુ ટ્રેન ને ઠેર ઠેર સ્ટેશન પર જીલ્લાની પ્રજાએ ઉત્સાહભેર સ્વાગત કર્યુ હતું.

### પાલનપુર નગરપાલિકા વોર્ડ નં.૭માં સ્ટ્રીટલાઇટ ચેરમેન

# ભારતી બી. ઠાકોર દ્વારા સ્વચ્છતા માટેનો નવતર પ્રયોગ

**વોર્ડ નં.૭ ને સ્વચ્છ રાખવા શરૂ કર્યું 'મારુ આંગણું સ્વચ્છ આંગણું' અભિયાન જેમાં જોડાનાર નાગરિકોને અપાશે, 'સ્વચ્છ ભારત અભિયાન સૈનિક' સન્માનપત્ર અને દસ હજાર રૂપિયાના ઇનામો**

ભારતના માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલાં સ્વચ્છ ભારત અભિયાનને સાર્થક કરવા સૌ પ્રથમ દેશના નાગરિકોએ પોતાનું આંગણું સ્વચ્છ કરવું પડશે કારણ કે કોઈપણ દેશ એ દેશના નાગરિકોથી બને છે અને જ્યાં સુધી દેશના તમામ પ્રમુખને રજુઆત કરેલી છે જ પરંતુ તેની સાથે સાથે વોર્ડ નં.૭ વિસ્તારના રહીશો પોતે પણ જો કચરાનો યોગ્ય નિકાલ કરી વોર્ડને સ્વચ્છ રાખવામાં તકેદારી રાખે તો સોનામાં સુગંધ ભળે અને તે રીતે સ્વચ્છતાનું સુંદર આયોજન થઈ શકે અને મોદીજીનું સ્વચ્છ ભારત



નાગરિકો પોતાના ઘરના આંગણા, પોતાની સોસાયટી કે શેરી મહોલ્લાઓને સ્વચ્છ રાખવાની ખુદ તકેદારી નહિ રાખે ત્યાં સુધી દેશમાંથી આ સમસ્યાનો નિવેડો નહીં આવે.

નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ અને સાધનો દ્વારા જાહેર ગલીઓ, રોડ રસ્તાઓની સાફ સફાઈ કરવામાં આવતી હોય છે. જો કે પાલનપુર નગરપાલિકાના કુલ ત્રણસો સફાઈકર્મીઓમાંથી માત્ર સાત જ સફાઈ કામદારો વોર્ડ નં.૭ માં ફાળવેલ હોઈ અને એ કામદારોને પણ અવારનવાર વોર્ડ નં.૮ની કામગીરી સોંપાતી હોવાની પણ તેઓ દ્વારા રજૂઆતો થતી હોવાથી ઘણીવાર વોર્ડ નં.૭ માં સફાઈની વ્યવસ્થા વિલંબે જળવાય છે. અને તેથી આ વિસ્તારમાંથી ચૂંટાયેલા સદસ્યા અને સ્ટ્રીટલાઈટ ચેરમેન ભારતી બી. ઠાકોરે નગરપાલિકાના ત્રણસો સફાઈ કામદારોને વોર્ડ વાઇઝ સરખે ભાગે ફાળવવાની પણ નગરપાલિકા ચીફ ઓફિસર અને અભિયાન પણ સાચા અર્થમાં સાર્થક કરી શકાય.

અને તેથી જ સ્વચ્છતાના આ મહાયજ્ઞમાં દેશના નાગરિકોને પણ જોડવાની પહેલ રૂપે હાલમાં જે વોર્ડની નગરપાલિકાના કામોને લગતી કામગીરી કરવામાં માટે પ્રજા અને પક્ષ દ્વારા ભારતી બી. ઠાકોરને જવાબદારી સોંપવામાં આવેલ છે તે જવાબદારીના ભાગરૂપે વોર્ડ નં.૭ ને સ્વચ્છ રાખવા આ વિસ્તારના લોકોને પણ સાથે જોડી ×મારું આંગણું સ્વચ્છ આંગણું× અભિયાનની શરૂઆત કરી છે જેમાં તેઓ પોતે વોર્ડના તમામ શેરી, મહોલ્લાઓ, સોસાયટીઓનું ડોર ટુ ડોર નિરીક્ષણ કરશે અને જે કોઈ રહીશો સતત પોતાના ઘરના આંગણા, આસપાસની જગ્યાઓ તથા સોસાયટીને નિરંતર સ્વચ્છ રાખવાની પહેલ કરશે તેવા સૌ પ્રથમ ૧૦૦ નાગરિકોને ×સ્વચ્છ ભારત અભિયાન સૈનિક× સન્માનપત્ર તથા રૂપિયા દસ હજારના ઈનામો આપીને સ્વચ્છતાની આ પહેલ માટે તેમનું બહુમાન કરવામાં આવશે.

## ખેડબ્રહ્મા તાલુકાના તેમજ પોશીના તાલુકાના બોગસ ડોકટરોની ઉઘાડી લૂંટ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકામાંથી વિભાજન થયેલા પોશીના તાલુકામાં ઝોલાં છાપ ડોક્ટરોનો રાફડો ફાટ્યો છે. છેલ્લા કેટલા વર્ષોથી અહીંયા ડોક્ટરોની ડીગ્રી વિશે અનેક તર્ક વિતર્ક સર્જાઇ છે, જ્યારે કોટડા લાંબડીયા ખેરોજ પોશીનામાં બોગસ ડોક્ટરોનો જાણે રાફડો ફાટ્યો છે. સ્થાનિક મેડિકલ ઓફીસર પણ આ બાબતે મૌન સેવી રહ્યા છે ત્યાંરે તાલુકા બ્લોક હેલ્થ ઓફીસરની રાહબરી હેઠળ આ ડોક્ટર ફુલ્યા ફાલ્યા છે.

આ વિસ્તારમાં આદિવાસી બંધુઓમા હાલમાં ચાલતી રોગચાળાની સીઝનમાં આવતાં દર્દીઓ પાસેથી ઉગાડી લુંટ ચલાવતા હોવાનું સામે આવ્યું છે એક તરફ સરકાર રોગચાળાને નાથવા મોટી ગ્રાન્ટ આપી રહી છે. હેલ્થ સ્ટાફની નીમણુંક કરી રહી રોગચાળા વીસેની સમીક્ષા સરકાર કરી રહી છે. આ ઉગાડ પગા ડોક્ટરોને કોઇ નાથ ગાલસે કે આમ જ હાલમાં પ્રજાને લુટતા રહેશે.

## પાલનપુરમાં હાયર પેન્શનની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર

બનાસકાંઠા જિલ્લા કલેકટરને ઈપીએસ ૯૫ પેન્સનર્સ સેવા મંડળ ભરૂચ દ્વારા હાયર પેન્શનની માંગણી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, અત્યારે મળતા નજીવા પેન્શનને બદલે હાયર પેન્શન આપવામાં આવે તેવી અમારી માંગણી છે. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ધ્યાન દોરવા વિનંતી કરાઈ હતી.

## બનાસકાંઠા જિલ્લાની ૩ ગ્રામ પંચાયત અને ૧ વોર્ડ ચૂંટણીનું મતદાન સંપન્ન

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠાની ૩ ગ્રામ પંચાયત અને ૧ વોર્ડની ચૂંટણી માટે મતદાન આજે મતદાન યોજાઈ રહ્યું છે. પાલનપુર તાલુકાની છાપરા અને ધાનેરા તાલુકાની માલોત્રા અને મોટા બેડા ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન જયારે વડગામ તાલુકાના સકલાણા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૫ ની પેટા ચૂંટણી માટે મતદાન યોજાઈ રહ્યું છે. બનાસકાંઠામાં ૩ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ મતદાન યોજાઈ રહ્યું છે. વહેલી સવારથી જ મતદારો પોતાના ગામના વિકાસ માટે મતદાન માટે ઉત્સુક હતા.





**બાયડ વિધાનસભા પેટા ચૂંટણીને પગલે બાયડ અને માલપુર પંથકમાં ફ્લેગ માર્ચ**

બાયડ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની મતદાન પ્રક્રિયા ૨૧ ઓક્ટોમ્બરના રોજ યોજાઈ રહી છે. બાયડ-માલપુર તાલુકામાં ચૂંટણીને લઈને બાયડ શહેર અને માલપુર નગરમાં ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સીઆરપીએફ મહિલા વિંગ અને સ્થાનિક પોલીસ દ્વારા યોજાઈ ફ્લેગમાર્ચ યોજાઈ હતી. બાયડ શહેરમાં પી.એસ.આઈ. કે.કે. રાજપૂત અને માલપુર નગરમાં પીએસઆઈ કિશોરસિંહ સીસોદીયાની આગેવાની હેઠળ ફ્લેગમાર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

# બાયડમાં કોંગ્રેસના આક્રમક દેખાવો

**મધ્યપ્રદેશના "વ્યાપમ કૌભાંડ"ની સ્પર્ધામાં ગુજરાત ભાજપ સરકારનું "વ્યાપક કૌભાંડ"**

બાયડ, તા. ૧૫

બાયડ વિધાનસભા પેટા ચૂંટણીનો જંગ પરાકાષ્ટએ પહોંચ્યો છે. બિનસચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટ માટેની ભરતી પરીક્ષા રદ રાખવાનો નિર્ણય રાજ્ય સરકારે કરતા બેરોજગાર યુવાનોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ બાયડમાં ભાજપના ત્રણ દાયકા જેટલા શાસનમાં વહીવટી તંત્રની સરેઆમ નિષ્ફળતાની સાથે યુવાનોને શિક્ષણ અને રોજગાર પરત્વે ગુન્હાહિત ઉપેક્ષા જોવા મળી રહી હોવાની સાથે ગુજરાતની ભાજપ સરકાર મધ્યપ્રદેશના તત્કાલીન ભાજપ સરકારના "વ્યાપમ કૌભાંડ" સાથે સ્પર્ધામાં ઉતરી "વ્યાપક કૌભાંડ" આચરી રહી હોવાનું જણાવી રેલી કાઢી આક્રમક દેખાવ કરી રાજયપાલને સંબોધીને લખાયેલ આવેદનપત્ર બાયડ પ્રાંત અધિકારીને આપ્યું હતું.

બાયડ શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને અરવલ્લી જીલ્લા ભાજપ સમિતિએ "ભાજપ તેરી





તાનાશાહી" નહિ ચલેગીના સૂત્રોચ્ચાર સાથે રેલી સ્વરૂપે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું જેમાં રાજ્યમાં તલાટીની ખાલી પડેલી જગ્યા ભરવા અંગે શાસકપક્ષ ભાજપના જ મળતીયાઓ દ્વારા બેસુમાર ભ્રષ્ટાચાર કરી આચરવામાં આવેલા "તલાટી કૌભાંડ" થી શરુ થયેલો ભાજપનો ભ્ર્ષ્ટાચારનો સિલસિલો દરેક સરકારી ભરતી પ્રક્રિયામાં જોવા મળી રહ્યો છે. ભાજપ સરકારના શાસનમાં શિક્ષણના વેપારીકરણ, ખાનગીકરણ નીતિના પરિણામે રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ અને સામાન્ય પ્રજા ત્રસ્ત છે અને ભાજપ સરકાર મસ્ત છે.

તદઉપરાંત ફિક્સ પગાર, કોન્ટ્રાકટ પ્રથા અને આઉટસોર્સીંગ વિવિધ નામે ભાજપ સરકાર રાજ્યના લાખ્ખો શિક્ષિત બેરોજગાર યુવાનોનું શોષણ કરી રહી છે. તલાટીની નોકરીના ૧૫-૧૫ લાખ રૂપિયા, ટેટ-ટાટની પરીક્ષાનું પેપર ફૂટવાની ઘટના, એલઆરડીની પેપર ફૂટવાની ઘટના અને વનરક્ષકની પરીક્ષામાં લાખ્ખો યુવક-યુવતીઓ ભાજપ સરકારના બિનકાર્યક્ષમ વહીવટનો ભોગ બની ગયા હોવાનું આવેદનપત્રમાં જણાવ્યું હતુ.

# મોડાસાના બડોદરા ગામે સિંચાઈની જમીનમાં દૂધ ઉત્પાદક મંડળીએ મકાન તાણી બાંધ્યું

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં ગૌચર અને સરકારી પડતર જમીનો પર સ્થાનિક લોકોએ કબ્જો કરી



ગેરકાયદેસર નાના-મોટા બાંધકામો કરી દબાણ કરી ભોગવટો કરી દીધો છે. જીલ્લાના ગૌચરોની મોટાભાગની જમીન ખેતરોમાં ભળી ગઈ છે. મોડાસા તાલુકાના બડોદરા ગામે નવી વસાહતમાં સિંચાઈ વિભાગની જમીન પર ગેરકાયદેસર દૂધ મંડળીનું મકાન તાણી બાંધવામાં આવ્યું હતું. દૂધ મંડળીની બાજુમાં મંદિર પણ સંચય વિભાગની જમીનમાં નિર્માણ કરવામાં આવ્યું હોવા અંગેની અરજદારે ગેરકાયદેસર દબાણ દૂર કરવા કોર્ટમાં રીટ કરતા જીલ્લા કલેકટરે દબાણ દૂર કરવાનો આદેશ કરતા સિંચાઈ વિભાગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મોટા કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી આજુબાજુના વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ પોલીસ સાથે રાખી દબાણ તોડવાની કામગીરી હાથ ધરી હતી.

બડોદરા ગામ નજીક વાત્રક પુનર્વસવાટ માટેની સિંચાઈ વિભાગની જમીનમાં નવી વસાહત પાસે દૂધ મંડળીનું ગેરકાયદેસર પાકું મકાન તાણી બાંધવામાં આવ્યું હતું તેની આજુબાજુ અન્ય બે નાના-મોટા દબાણો પણ કેટલાક શખ્સોએ કરી દૂધ મંડળી નજીક મંદિર નિર્માણ કરવામાં આવતા સિંચાઈ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ મોડાસા રૂરલ પોલીસ બંદોબસ્ત ગોઠવી દૂધ મંડળીનું પાકું મકાન સહીત આજુબાજુના દબાણ જેસીબીથી દૂર કરવામાં આવતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

સિંચાઈ વિભાગના એન્જીનીયર દિપક પંડ્યાના જણાવ્યા અનુસાર બડોદરા નવી વસાહત નજીક સિંચાઈ વિભાગની જમીનમાં દબાણ કરી ઉભું કરાયેલ દૂધ મંડળીનું મકાન દૂર કરવામાં આવ્યું છે અને મંદિર સિંચાઈ વિભાગને સોંપી દેવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

## મહિલા કંડકટરનું બાઈક પર થી પટકાતા કરુંણ મોત

ડીસા એસ. ટી. ડેપોમાં ફરજ બજાવતા સુશીલાબેન પ્રીતેસકુમાર પરમાર (પુનડિયા) ગઈકાલે મંગળવારે પોતાના ગામ દામાંથી બાઈક પર ડીસા ડેપો પર આવતા હતા તે દરમિયાંન ડીસા મહાકાળી મંદિર નજીક બમ્પ ઉપર બાઈક ઉપરથી અચાનક નીચે પટકાતા ગંભીર ઈજાના પગલે સારવાર અર્થે ડીસા સિવિલ ખાતે લાવવામાં આવેલ પરંતુ માથાના ભાગે ઈજા જીવલેણ નિવડતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું પોલિસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે બનાવના પગલે એસ.ટી. કર્મચારીઓમાં અને સમાજમાં શોકની લાગણી છવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં સરકાર દ્વારા તમામ બસો જી. પી. એસ. સિસ્ટમ થી અપડેટ કરવામાં આવી છે તેથી તમામ બસો સમયસર નિયત સ્થળે પહોંચાડવાની હોય છે જેના લીધે સમય સાચવવામાં કેટલાક કર્મચારી ભારે દોડધામ કરતા હોય છે ત્યારે અનેકવાર ઉતાવળે આવા અકસ્માત પણ સર્જાતા હોય છે.

## ડીસામાં વેપારીનું અપહરણ કરનાર વધુ એક આરોપી ઝડપાયો

ડીસામાં થોડા સમય અગાઉ ગાડી સાથે એક વેપારીનું અપહરણ કરવામાં આવ્યુ હતું અને અપરહનકારોએ વેપારીના પરિવારજનો પાસે મોટી રકમની ખંડણીની માંગ કરી હતી પરંતુ પોલીસની સતર્કતાથી બે આરોપીને ઝડપી ગણતરીના કલાકોમાં જ વેપારીનો છુટકારો થયો હતો અને અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન વધુ એક આરોપી ઉત્તર પોલોસે ઝડપી પાડ્યો હતો અને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. ડીસામાં ગત તા. ૨૯-૯-૧૯ના રોજ બપોરના બાર વાગ્યાના સુમારે ડીસા રત્નદીપ સોસાયટીમાં રહેતા વેપારી અંકુરભાઈ પ્રકાશભાઈ અગ્રવાલ તેમની વર્ના કાર (નંબર જીજે.૮.એ.ઈ.૭૩૬૮) લઈ ડીસા પારકર ભુવનના સર્વિસ રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમિયાન કેટલાક આરોપીઓએ અગાઉથી બનાવેલ પ્લાન મુજબ પોતાનુ બાઈક કારને ટકરાવી ઈજા થઇ હોય તેવો ઢોંગ રચી ઈજા પામનારને દવાખાને લઈ જવો છે તેમ કહી અંકુરભાઈની ગાડીમાં બેસી ગયા હતા.

## પાલનપુર ખાતે સોની સમાજનો શરદોત્સવ યોજાયો

પાલનપુર ખાતે ગત રોજ શ્રી ધાન્યધાર ગઢવાડા વિસા શ્રીમાળી સોની સમાજ યુથ ક્લબ દ્વારા શરદોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

પાલનપુરમા સોની સમાજની વાડીમા ગતરોજ શ્રી ધાન્યધાર ગઢવાડા વિસા શ્રીમાળી સોની સમાજ યુથ ક્લબ દ્વારા શરદપુનમ નિમિતે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા સોની સમાજ ના ભાઈઓ અને બહેનો મોડી રાત સુધી ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે દાતાઓ દ્વારા લ્હાણી અને ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમજ કાર્યક્રમના અંતે દૂધ પૌઆનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે આર્ટ ઓફ લિવિંગના સ્વામી ભ્રમચૈતન્યજી અને દિપલબેન ઉપસ્થિત રહ્યાં હતા. જેઓએ પાલનપુરમા આગામી ૨૪ તારીખ ના શરુ થનારા આર્ટ ઓફ લિવિંગના પ્રોગ્રામ નુ આમંત્રણ પાઠવ્યું હતુ. આ પ્રોગ્રામમાં સોની સમાજના પ્રમુખ ડો સંજયભાઈ ધારાણી, મંત્રી સંજયભાઈ સોની, યુથ કલબ પ્રમુખ સંદીપભાઈ સોની, મંત્રી સંજયભાઈ કે સોની તેમજ યુથ કલબના દર્શનભાઈ, જતીનભાઈ, મંજિલભાઈ, દિલીપભાઈ, પવનભાઈ, નીરવભાઈ, દેવેન્દ્રભાઈ સહીત સમાજ ના આગેવાનો તથા જ્ઞાતિબંધુઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



**અરવલ્લી બિનસચિવાલયનું પેપર રદ થતા વિદ્યાર્થીઓએ કલેકટરને આવેદનપત્ર**

બિનસચિવાલયનું પેપર રદ થતા વિદ્યાર્થીઓએ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. સરકાર તરફથી આ પરીક્ષામાં હવે ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપી શકશે એ નિર્ણયને બદલે ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓને પણ આ પરીક્ષા આપવા દેવામાં આવે. આ માંગણી સાથે અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓ ધ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. બધા વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવામાં આવે જેથી બધા વિદ્યાર્થીઓના હિત જળવાઈ રહે એમ સરકાર નિર્ણય લે એવી માંગણી કરવામાં આવી હતી. સરકારના સ્નાતક વિદ્યાર્થીઓ જ પરીક્ષા આપી શકશે એ નિર્ણયને આને બદલે જુના નિયમ મુજબ પરીક્ષા યોજાય તેવી માંગણી વિદ્યાર્થીઓ ધ્વારા કરવામાં આવી હતી. આ સહિત વિવિધ માંગણીઓને લઈ અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓ ધ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### હાહાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તપાસ દરમિયાન ૧૧૭ જેટલા મચ્છરોના બ્રિડિંગ મળી આવ્યા હતા. જેને કારણે આરોગ્ય વિભાગ દ્વારા એક નવો નિયમ અમલમાં મૂક્યો હતો. તમામ ઝોનના અધિકારીઓ દ્વારા જે તે વિસ્તારના ઘરો, નવી બિલ્ડીંગ્સમાં તપાસ હાથ ધરવામાં આવશે. જ્યાં પણ બ્રીડિંગ જોવા મળશે ત્યાં રૂપિયા ૨૦૦ રૂપિયાનો દંડ ફટકારવા આવશે. આ સાથે પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે ડેન્ગ્યુના કેસમાં ૧૦ ટકાનો વધારો નોંધાયો છે. ત્યારે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા પણ ડેન્ગ્યુના કેસોમાં ઘટાડો આવે તે માટે પૂરેપૂરી તૈયારીઓ કરી દેવામાં આવી છે, જે આરોગ્ય વિભાગની ટીમો બનાવવામાં આવી છે તેમાં કર્મચારીઓની સંખ્યા વધારી દેવામાં આવી છે. આ ઉપરાંત એક જ સપ્તાહમાં આ કામગીરી પૂર્ણ થાય તે માટે તજવીજ હાથ ધરી છે.

કચ્છમાં પણ ડેન્ગ્યુના કહેર જારી છે. ભૂજમાં ખુદ સિવિલ સર્જન ડેન્ગ્યુમાં સપડાયા છે. ત્રણ દિવસ તાવ આવ્યા બાદ તેમના રિપોર્ટમાં ડેન્ગ્યુ મળ્યો છે. તો બીજી તરફ, અંજાર શહેર અને ગ્રામ્ય વિસ્તાર ડેન્ગ્યુના ભરડામાં છે. આશરે ૨૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં સરકારી તંત્ર દ્વારા ૪૫ પોઝીટીવ કેસને સમર્થન અપાયું છે. અંજારની ખાનગી અને રેફરલ હોસ્પિટલમાં રોજ ૨૦-૨૫ પોઝિટીવ કેસ નોંધાતા હોવાનું અનુમાન છે.

રાજકોટ શહેરમા દિવસે અને દિવસે ડેંગ્યુ સહિતના રોગોના કેસમા વધારો થઈ રહ્યો છે. રાજકોટના સિવિલ સર્જન મનીષ મહેતાએ જણાવ્યું કે, આ વર્ષે સપ્ટેમ્બર માસમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. ૧૦ મહિનામાં ડેન્ગ્યુના ૬૬૫ જેટલા કેસ નોંધાયા છે. તો સપ્ટેમ્બર માસમાં જ ૩૫૦ જેટલા કેસ નોંધાયા છે. રાજકોટમાં ગત વર્ષ કરતા ૪ ટકા રોગચાળો વધ્યો છે. જેમાં સામાન્ય શરદી ઉધરસ તાવના કેસ ૭૦૬૦૦ કેસ, ઝાડાના ૩૭૦૦૦ કેસ, કમળાના ૨૫ કેસ, ટાઈફોઈડ તાવના ૨૫૦ કેસ નોંધાયા છે.

### કલોલ માણસા માર્ગને... (છેલ્લા પાનાનું અનુ.)

આયામો સાથે વાહનોની અવરજવર વધતા ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. આ સ્થિતિને ધ્યાને લઇ તબક્કાવાર રસ્તાઓને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. જિલ્લાને જોડતા વિવિધ માર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધતા માર્ગ સલામતી જોખમાય તેવી સ્થિતિ છે. જેથી માર્ગો વાઇડનીંગના કામો પાછળ પણ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. કલોલ માણસા માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા હવે આ માર્ગને ફોરલેન કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. કલોલ માણસા માર્ગ હાલ સાત મીટર પહોળો છે. જયારે આ માર્ગને ફોરલેન કરવા માટે અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે ટુંકમાં ટેન્ડર મંજુર થયા બાદ કામગીરી હાથ ધરાશે. આ માર્ગને અંદાજિત ૨૪ કી મી ની લંબાઇ ધરાવે છે જયારે આ માર્ગ ફોરલેન થતા આગામી દિવસોમાં ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે તેમજ માર્ગ સલામતીના પરિબળો પણ જળવાશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

### કારકુનની પરીક્ષા રદ ..... (છેલ્લા પાનાનું અનુ.)

કૌભાંડ ચાલી રહ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ આવેદનપત્રમાં ફિક્સ પગાર, કોન્ટ્રેક્ટ પ્રથા અને આઉટ સોર્સિંગના વિવિધ નામો હેઠળ યુવાધનનું શોષણ કરવામાં આવી રહ્યું પણ કહેવામાં આવ્યુ છે. ધરણા વિરોધના આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન ભાવિનસિંહ ઠાકોર, પૂર્વ કારોબારી ચેરમેન અરવિંદસિંહ સોલંકી, કાઉન્સીલરો પાયલબેન મેણાત, ઉર્વીબેન, જયરાજસિંહ વાઘેલા, સંગઠનના આગેવાનો તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ ચાવડા, વિજય સોલંકી, નાથુસિંહ ઠાકોર, સી.આર. પરમાર, કપિલાબેન ચાવડા, હંસાબેન પરમાર, ખુમાનસિંહ રાણા, ઈશ્વરભાઈ દેસાઈ, જીતેન્દ્રસિંહ સોલંકી વિગેરો જોડાયા હતા. દરમ્યાન સવારે ૧૧ વાગે સંગઠનની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ. દ્વારા કાઉન્સીલર અંકિત બારોટ, અમીત પારેખ (સરઢવ), દુર્ગેશ ગઢવી, જયદીપસિંહ રાણાની આગેવાનીમાં ૧૦૦થી વિદ્યાર્થીઓએ પણ વિરોધ પ્રદર્શન કરી જિલ્લા સત્તાવાળાઓને આપ્યું હતું.

### પાણી રોકી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, આયુષ્માન યોજનાથી લોકોની સારવાર થઈ રહી છે. પશુઓની સારવાર માટે યોજના અમલમાં આવી છે. વન રેંક વન પેન્શનનો વાયદો મારી સરકારે પુરો કર્યો છે. હરિયાણાના બે લાખ સૈનિક પરિવારોને તેનો ફાયદો મળ્યો છે. ભાજપની સરકાર બનતા જ હરિયાણાના ખેડૂતોના બેંક ખાતામાં જ સીધી મદદ પહોંચશે. હરિયાણાના ખેડૂતોના હકનુ પાણી ૭૦ વર્ષથી પાકિસ્તાન જતુ હતુ. તે રોકીને હું તમારા ઘર સુધી પહોંચાડીશ. આ માટે મેં કામ શરૂ કરી દીધુ છે. આ પાણી પર તમારો, પંજાબનો, રાજસ્થાનનો હક છે. આ માટે હું લડાઈ લડી રહ્યો છું. નાના ખેડૂતોને પેન્શન યોજના સાથે જોડવાની વાત ભાજપે કરી હતી. સરકાર બનતા જ આ કામ થઈ ગયુ છે. ખેડૂતોને ત્રણ હજાર રૂપિયા દર મહિને પેનશન મળશે.